# જૈનાચાર્યોના શંકાસ્પદ આકસ્મિક મૃત્યુ અંગે જીલ્લા બજરંગદળ તથા સાધુ સંતોમાં ઉગ્ર રોષ

(પ્રતિનિધિ) શિહોરી
તાજેતરમાં જૈન મુનિઓના આંકસ્મિક મોત અંગે સમગ્ર રાજ્યની અંદર ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. અને વિવિધ સામાજિક તેમજ રાજકીય અગ્રણીઓ દ્વારા આવી ઘટનાઓને વખોડવાની સાથે તેમાં દોષિતોને કડક સજા આપવાની માંગ ઉઠી છે. ત્યારે બનાસકાંઠા જીલ્લાં બજરંગદળ તેમજ રાજવિદ્યા પ્રચારક સેવા સંસ્થાનના સ્થાપક સંતશ્રી ભુરાનંદજી મહારાજે, પણ આ શંકાસ્પદ અકસ્માતો અંગે ઉંડા ખેદ સાથે દોષિતો ઉપર આક્રોશ વ્યક્ત કર્યો હતો.

બનાસકાંઠા જીલ્લા બજરંગદળનાં પ્રમુખ ઉન્નતભાઈ શાહે જણાવ્યું હતું કે, "આ હૃદય દ્રાવક ઘટનાઓમાં જેમની તરફ આંગળી ચીંધવામાં આવે છે. તેવા અનુપમંડળ ઉપર તંત્ર દ્વારા પ્રતિબંધ લાદી દેવો જોઈએ અને આ ઘટનામાં જેમનો પણ હાથ હોય તેવા તત્વોને કડકમાં કડક સજા આપવી જોઈએ."

આ અંગે રાજવિદ્યા પ્રચાર સેવા સંસ્થાન કુવારવાનાં સ્થાપક સંતશ્રી ભુરાનંદ મહારાજે જણાવ્યું હતું કે, "સાધુ સંતોનું જીવન એ લોકોના જીવનને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવાનું છે. તેથી જો તેમના ઉપર ખરેખર બદઈરાદાથી હુમલો થયો હોય તો આવા દોષિતોને તંત્ર દ્વારા કડક સજા કરી આવા અસામાજીક તત્વોની શાન ઠેકાણે લાવવી જોઈએ."

# + ડીસાના નવા નેસડા ગામે રૂ. ૯૪,૦૦૦/- ના દાગીનાની ચોરી



રજની ખત્રી



અડધો કલાક ઘરે જમવા જતા રૂ.૯૪,૦૦૦ ના દાગીના ગુમાવનાર મહેશકુમાર સોનીએ જણાવ્યું હતું કે, લગ્નનું કામ ચાલતું હોઈ રાત્રે ૧૦ થી ૧૧ વાગ્યા સુધી કામ કરૂ છું પરંતુ રાત્રે ઘરે જમીને પરત આવતા ચોરીની જાણ થઈ હતી. માત્ર અડધો કલાકમાં આબાદ દાવ અજમાવી જનાર તસ્કર જાણભેદુ હોવાની શકયતા નકારી શકાતી નથી.

## ■ સોનીની દુકાનમાં તસ્કરનો આબાદ દાવ

(પ્રતિનિધિ) ભીલડી
ડીસા તાલુકાના નવા નેસડા ગામે આવેલ સોનીની દુકાનમાંથી રૂ.૯૪,૦૦૦ ના સોનાના દાગીનાની ચોરી થતા નાનકડા ગામમાં સન્નાટો છવાઈ ગયો છે. પોલીસે આ બાબતે 'ડોગ' સ્કવોર્ડ ની મદદથી ચોરોને ઝડપવાના ચક્રો ગતિમાન કરી દીધા છે.

શિયાળાના આરંભ સાથે બનાસકાંઠા જિલ્લામાં આયુધો સજાવીને બેઠેલી તસ્કર ટોળકી સક્રિય થઈ ગઈ છે. તેથી ચોરી અને ઘરફોડ ચોરીના બનાવો રોજીંદા બની ગયા છે.

અનુસંધાન પાના નં.૨



સ્વ.કુઆ વાલુભાઈ લાલજીભાઈ

અમારે પિતા શ્રી પટેલ સાખે કુઆ (કમાલપુર વડગામ જિ.બ.કાં.) નું રોજ અવસાન થયેલ તા.૧૮/૧૧/૨૦૦૯ ને છે.

લિ.
પટેલ ફલજીભાઈ વાલુભાઈ (પુત્ર) | પટેલ લક્ષ્મ
પટેલ રામજીભાઈ વાલુભાઈ (પુત્ર) | પટેલ નરેશ
તથા સમસ્ત પરિવાર

CMYK

RNI NO. 20508/71
Regd. No. GBK-06